# બનાસકાંઠામાં કોરોનાનો વધુ એક પોઝિટીવ કેસ

## દાંતીવાડાના ભાંડોત્રા ગામે ૨૮ વર્ષિય સગર્ભા મહિલાનો રિપોર્ટ પોઝિટીવ

પાલનપુર
બનાસકાંઠા જિલ્લામાં મંગળવારે સાંજે વધુ એક વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, દાંતીવાડાના ભાંડોત્રા ગામે ૨૮ વર્ષિય સગર્ભા મહિલાનો રિપોર્ટ પોઝિટિવ છે. જેમને પાલનપુરની કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ સાથે જિલ્લામાં પોઝિટિવ દર્દીઓની કુલ સંખ્યા ૯૦ થવા પામી છે. જ્યારે કોરોનાથી અત્યાર સુધીમાં ૪ વ્યક્તિઓના મોત નિપજ્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં એક તરફ કોરોના પોઝિટિવ દર્દીઓ સાજા થઈ રહ્યા છે. પાલનપુર અને ડીસા કોવિડ હોસ્પિટલમાંથી તેમને રજા આપવામાં આવી રહી છે. બીજી તરફ નવેસરથી પોઝિટિવ કેસો નોંધાઈ રહ્યા છે. ત્યારે આવી સ્થિતિમાં જિલ્લામાં મંગળવારે સાંજે વધુ એક વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, જિલ્લામાં મંગળવારે સાંજે વધુ એક વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, દાંતીવાડાના ભાંડોત્રા ગામે ૨૮ વર્ષિય સગર્ભા મહિલાનો રિપોર્ટ પોઝિટિવ છે. જેમને પાલનપુરની કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ સાથે જિલ્લામાં પોઝિટિવ દર્દીઓની કુલ સંખ્યા ૯૦ થવા પામી છે. જ્યારે કોરોનાથી અત્યાર સુધીમાં ૪ વ્યક્તિઓના મોત નિપજ્યા છે.

### ખેડબ્રહ્મા તાલુકાના આગિયા સરકારી કોરોન્ટાઈન સેન્ટરમાં વધુ એક કેસ

**ખેડબ્રહ્મા તાલુકામાં બે દિવસ બાદ વધુ એક કેસ આવતા આસપાસના વિસ્તારમા લોકોમાં ભયનો માહોલ**

ખેડબ્રહ્મા તાલુકાના વરતોલ ગામના ૩૦ વર્ષના યુવકને કોરોના પોઝેટીવ રીપોર્ટ આવતા આરોગ્ય વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામા આવી ત્યારે અગિયાની મોડેલ સ્કૂલ મા દુબઈ અને કુવૈત થી આવેલ રાજસ્થાનનાં લોકોને કોરાંટાઈન કરવમાં આવ્યા હતા જેમાં બે પુરુષોના કેસ પોજીટિવ આવ્યા હતા જેથી બીજા લોકોના ટેસ્ટ કરવમાં આવ્યા હતા જેમાં મંગળવારે રાજસ્થાનના મૂંગેડ બાડમેરના વિનોદભાઈ દેવજીભાઈ પંચાલ ૪૧ વર્ષીય પુરુષનો ટેસ્ટ પોઝીટીવ આવતા આરોગ્યની ટીમે પગલ ભરી હિંમતનગર મોકલ્યો હતો.

### બનાસકાંઠાના મડાણાના એસ. આર. પી. જવાનનું કોરોનાથી નિધન

બનાસકાંઠાના મડાણાના એસ. આર. પી જવાનનું કોરોનાથી નિધન થતાં અરેરાટી પ્રસરી જવા પામી હતી. જેઓ ગાંધીનગર ખાતે ફરજ ઉપર મુકાયા હતા. જ્યાં કોરોના થતાં વતન હિંમતનગરમાં સારવાર દરમિયાન આખરી શ્વાસ લીધા હતા. બનાસકાંઠા જિલ્લાના મડાણા જૂથ ૩માં ઈ કંપનીમાં એસ. આર. પી.માં ફરજ બજાવતા હિંમતનગરના વતની હેડ કોન્સ્ટેબલ કનુભાઈ એમ. પ્રજાપતિને હાલ કોરોના દરમિયાન ગાંધીનગર ખાતે ફરજ પર મુકવામાં આવ્યા હતા. તે દરમ્યાન છેલ્લા વીસેક દિવસથી બીમાર હોઈ વતન હિંમતનગર ખાતે એડમિટ કરવામાં આવ્યાં હતા. જયાં હિંમતનગરની કોવિડ હોસ્પિટલમાં ૨ દિવસ પહેલા તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. તે દરમિયાન આજરોજ કનુભાઈ પ્રજાપતિનું દુ:ખદ અવસાન થયું હતુ. આ ઘટનાથી મડાણા એસ. આર. પી. કંપનીમાં શોકનો માહોલ સર્જાયો હતો. અને તમામ એસ. આર. પી ગ્રુપે જવાનને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. અને શોક વ્યકત કર્યો હતો. તેમ એસ. આર. પી ગ્રુપના ડી વાય એસ પી આર. એલ. ડાખરાએ જણાવ્યું હતુ.

# ભિલોડાના ખેરાડી ગામે છેલ્લા એક વર્ષથી એ.ટી. એમ. મશીન ઉદ્‌ઘાટનની રાહ જોઈ રહ્યું છે

ભિલોડા, તા. ૧૮
હાલ કોરોનાના કહેર વચ્ચે સરકાર ડિજિટલ પેમેન્ટ અને કેશલેશ વહેવાર કરવા લોકોને તાકીદ કરવામાં આવી રહી છે. લોકડાઉનમાં એટીએમ મશીનમાં પૂરતી કેસ રાખવા પણ બેંકોને તાકીદ કરી છે જેથી રૂપિયા ઉપાડવા લોકોની ભીડ ઓછી થાય અને સોશ્યલ ડિસ્ટન્સ પણ જળવાઈ રહે બીજીબાજુ અરવલ્લીના ભિલોડા તાલુકાના ખરાડી ગામે આવેલ બેન્ક ઓફ બરોડાનું



એટીએમ ઉદ્ઘાટનની રાહ જોઈ રહ્યું હોવાથી લોકો પાસે એટીએમ કાર્ડ તો છે પણ એટીએમ મશીનના અભાવે નકામાં બની રહ્યા છે ખેરાડી ગામે આવેલ એટીએમ મશીન સત્વરે ચાલુ કરવામાં આવે તેવી લોકમાંગ પ્રબળ બની છે.

ભિલોડા તાલુકાનું ખેરાડી ગામ અને આજુબાજુના દસથી વધુ ગ્રામ્ય વિસ્તારોના લોકોના ખાતા ખેરાડી ગામમાં આવેલી બેન્ક ઓફ બરોડા શાખામાં છે. જનધન યોજના અને અન્ય સરકારની રોકડ સહાય પણ બેન્ક ઓફ બરોડામાં જમા થતી હોવાથી ગ્રાહકોની સંખ્યા મોટા પ્રમાણમાં અવર-જવર રહેતી હોય છે, જનધન યોજના, વિધવા સહાય અને સરકારી સહાય પણ બેન્ક ખાતામાં જમા થતી હોવાથી રૂપિયા ઉપાડવા લોકોની ભારે ભીડ થતી હોવા છતાં ગામમાં આવેલ બેન્ક ઓફ બરોડાનું એટીએમ મશીન અગમ્ય કારણોસર કાર્યરત ન કરતા લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. લોકોએ નાણાં ઉપાડવા ભિલોડા, શામળાજી અને છેક મોડાસા સુધી ધરમધક્કા ખાવા પડી રહ્યા છે. બેન્ક ઓફ બરોડાના એટીએમ મશીન તાત્કાલિક ધોરણે ચાલુ કરવામાં આવેની લોકમાંગ પ્રબળ બની છે.



## ધાનેરામાં ઓટોરિક્ષા, હેર સલૂન પાનના ગલ્લા સહિતના વેપારીઓએ પોતાના ધંધા-રોજગાર શરૂ

સરકાર દ્વારા લોકડાઉન ૪ કેટલાક ધંધા રોજગારની છૂટ આપતા વેપારીઓમાં પણ ખુશીનો માહોલ જોવા મળ્યો છે અને ધાનેરા શહેરમાં લોકોની અવરજવર પણ જોવા મળી રહી છે ત્યારે આજે ઓટો રીક્ષા ચાલકોએ પણ પોતાનો ધંધો રોજગાર શરૂ કર્યો છે મીડિયા સાથેની વાતચીતમાં ઓટો રિક્ષાના પ્રમુખે જણાવ્યું કે સરકારના આદેશ મુજબ આજથી અમે અમારો ધંધો શરૂ કર્યો છે અને તમામ સરકારના નીતિ-નિયમોનું પાલન સાથે જ અમે ધંધો કરીશું અને ફરજિયાત માસ્ક તેમજ રિક્ષામાં બે વ્યક્તિઓને બેસાડશું ઓટો રીક્ષા ની સાથે સાથે ધાનેરામાં હેર સલૂન ની દુકાનો પણ શરૂ કરવામાં આવી છે આજે લાંબા સમય બાદ ફરી વાર ધાનેરા ધમધમતું જોવા મળ્યું છે અને મોટા ભાગના વેપારીઓ પોતાના ધંધા-રોજગાર શરૂ કર્યો છે હેર સલૂન ના વેપારીઓ દ્વારા પણ આજે સવારથી જ પોતાની દુકાનો ખોલી ધંધો-રોજગાર શરૂ કર્યો છેલોકડાઉન ચાર માં સરકાર દ્વારા કેટલાક પ્રકાર ના ધંધા રોજગારની છૂટ આપવામાં આવી છે જેને લઈ આજે ધાનેરામાં લોકોની અવરજવર જોવા મળી હતી અને મોટાભાગના વેપારીઓ પોતાના ધંધો-રોજગાર શરૂ કર્યો છે સાથે સાથે પાનના ગલ્લાઓ પણ શરૂ થયા હતા અને પાનના ગલ્લા ઉપર પણ લોકોની ભીડ જોવા મળી હતી

# મોડાસા કોરોનામુક્ત બની ગયું હોય તેમ બજારો ધમધમ્યા

## ૫૫ દિવસ પછી છૂટછાટ મળતા લોકો ઘરની બહાર નીકળ્યા

મોડાસા, તા. ૧૯
સમગ્ર દેશમાં કોરોનાને પ્રસરતો અટકાવવા લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે. લોકડાઉનના ૫૫માં દિવસ પછી લોકડાઉનમાં મળેલી છૂટછાટના કારણે અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરના બજારો ધમધમી ઉઠ્યા હતા. લોકો મોટી સંખ્યામાં બહાર નીકળતા ૫૫ દિવસથી સુમસામ રસ્તા ફરીથી વાહનો અને રાહદારીઓથી ધમધમી ઉઠ્યા હતા. કંટેઈન્ટમેન્ટ ઝોનમાં પણ આવશ્યક ચીજવસ્તુઓની દુકાનો ખુલતા લોકો ખરીદી કરવા ઉમટ્યા હતા. મોડાસાના બજારો ૫૫ દિવસ પછી ધમધમી ઉઠી હતી અને જનજીવન સામાન્ય બન્યું હતું. જોકે બજારોમાં લોકોને અવરજવરમાં અગવડતા ન પડે તે માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવી હતી. મોડાસા શહેરમાં ઉમટેલી ભીડ જોઈ કોરોના જતો રહ્યો હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા અને જનજીવન સામાન્ય માહોલમાં હોય એવો છુપી દહેશતભર્યો નજારો જોવા મળ્યો હતો.

અરવલ્લી જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સામાન્ય દિવસોમાં જોવા મળે તેવી



ચહલપહલ સાથે બજારમાં વિવિધ દુકાનોમાં ખરીદદારોની ભીડ જામી હતી. બેંકો, પોસ્ટ અને દુકાનોમાં ગ્રાહકોની કતારો જોવા મળી હતી. જેમનામાં રાખવું જોઈએ તેટલું સોશિયલ ડીસ્ટન્સ જોવા મળતું ન હતું. પણ ગ્રાહકોએ માસ્ક ફરજીયાત પહેરેલા જોવા મળ્યા હતા.

મોડાસા નગરના રાજમાર્ગો અને હાઈવેમાર્ગો પર જાણે કોરોના જતો રહ્યો હોય એમ ભારે માણસોની સાથે વાહનવ્યવહારની પણ અવરજવર જોવા મળી હતી. મોડાસા શહેરમાં ૫૫ દિવસ પછી બજરોમાં ધમધમાટ જોવા મળ્યો હતો. મોટાભાગની દુકાનો ખુલતાં લોકોની આજે સામાન્ય દિવસો જેવી અવરજવર રહી હતી. લાંબા સમય પછી બજારો ધમધમતા લોકો ખરીદી માટે સામાન્ય દિવસોની જેમ જ ઉમટી પડ્યા હતા. જ્યારે લોકો બજારમાં આરામથી અવરજવર કરી શકે તે માટે પોલીસે પણ યોગ્ય વ્યવસ્થા ગોઠવી હતી. જેમાં અગાઉ લોકડાઉન-૧,૨ અને ત્રણમાં જે રસ્તા બંધ કરી દેવાયા હતા. જે બજારો ધમધમી ઉઠતા પોલીસે પણ લોકોને યોગ્ય સહકાર આપીને બંધ કરાયેલા મોટાભાગના રસ્તા ઉપરના બેરીકેટેડ હટાવી દીધા હતા. દુકાનદારો સરકારની સામાજિક અંતરની વ્યવસ્થા સહિતની ગાઈડલાઈનનો ચુસ્તપણે અમલ કરે તે માટે પોલીસે પેટ્રોલીંગ કરીને વેપારીઓને અપીલ કરી હતી. એકંદરે ૫૫ દિવસ પછી મોડાસા શહેર કોરોનાની દહેશત વચ્ચે કોરોનાની મહામારીને મ્હાત આપવામાં સફળ રહ્યું હોય તેમ પુન: ધબકતું થયું છે. લોકડાઉનમાંથી મોડાસા બહાર આવ્યું હોય ત્યારે સારો માહોલ જોવા મળ્યો હતો. સાથોસાથ બજારોમાં આવતા લોકો અને વેપારીઓ સરકારની ગાઈડલાઈનનો ચુસ્તપણે અમલ કરે તે માટે પોલીસે પેટ્રોલીગ કરીને અપીલ કરી છે.

# પ્રાંતિજ બજાર ફરી ધમધમી ઉઠયું

## બજાર ખુલતાં લોકોની અવરજવર વધી : પાન મસાલા, સલૂન સહિતની દુકાનો ખુલી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે લોકડાઉન-૪ની જાહેરાત બાદ પ્રાંતિજ વિસ્તારમાં આવેલ બજારો ફરી ધમધમી ઉઠયા અને ફરસાણની દુકાનો સહિત સંપુર્ણપણે બંધ રહેતું બજાર ખુલ્તા બજારમાં ગ્રાહકોની ભીડ પણ જોવા મળી હતી. બજારમાં આવતા આવે છે. પ્રાંતિજ બજારમાં નો વ્હીકલ ઝોનને પણ ખુલ્લો મુકાતા વેપારીઓમાં પણ ખુશી જોવા મળી હતી. હાલ તો બજારમાં સોશિયલ



હતાં તો સોશિયલ ડિસ્ટન્સ તથા માસ્કનો અભાવ જોવા મલ્યો હતો.

પ્રાંતિજ ખાતે લોકડાઉન-૪ની જાહેરાત થતા બજારમાં આવેલ તમામ દુકાનોના શટલો ખુલી ગયા છે તો પાન મસાલા, સલૂન, નાસ્તા ગ્રાહકો તથા કેટલાક વેપારી સહિત લોકોમા સોશિયલ ડિસ્ટન્સ સાથે માસ્કનો અભાવ જોવા મળ્યો હતો. સલુનમાં રજીસ્ટ્રેશન બનાવવામાં આવ્યું છે જેમાં આવતાં ગ્રાહકો સહિતના નંબર પણ લખવામાં ડિસ્ટન્સ સહિત માસ્કનો ઉપયોગ બજારમાં આવતા ગ્રાહકો વેપારીઓમાં નિયમોનું પાલન નહી કરે તો આવનારા દિવસમા કોરોનાનું સંક્રમણ વધશે તેમાં કોઈ મનમેદ નથી.

# લોકડાઉન-૪માં અપાયેલી છુટછાટ બાદ જિલ્લાનું જનજીવન ધબકતું થયું

## હિંમતનગર સહિત અન્ય સ્થળે બજારોમાં ખરીદી કરવા લોકોની ભીડ : સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન ન થતુ હોવાનું જણાયુ

હિંમતનગર, તા. ૧૯
કેન્દ્ર સરકાર દ્વારા મંગળવારથી લોકડાઉન-૪નો અમલ કરીને જે સ્થળે કોરોનાના કેસ ઓછા નોંધાયા છે તેવા સ્થળોને વિવિધ ઝોનમાં વહેચી દઈ જનજીવન ધબકતુ રહે તે માટે કેટલીક છુટછાટો જાહેર કરતાની સાથે જ હિંમતનગર સહિત જિલ્લાના વિવિધ સ્થળે ગણા દિવસોથી ઘરમાં પુરાઈ રહેલા લોકોને જાણે કે લોકડાઉનમાંથી સંપૂર્ણ આઝાદી મળી ગઈ હોય તેમ લોકો બજારોમાં ઉમટી પડ્યા હતા. જ્યાં સોશિયલ ડીસ્ટન્સીંગનો સંપૂર્ણ અભાવ જોવા મળ્યો હતો.

સાબરકાંઠા જિલ્લામાં કોરોના વાયરસના અંદાજે ૪૦ કેસ નોંધાયા બાદ તંત્ર દ્વારા સાબરકાંઠા જિલ્લાને યલો ઝોનમાં મુકી દેવામાં આવ્યો હતો. દરમિયાન પ્રાંતિજ, હિંમતનગર, ઈડર સહિતના અન્ય સ્થળે કોરોનાના કેસ નોંધાયા બાદ જિલ્લાના અનેક ગામડાઓ તથા શહેરી વિસ્તારની સોસાયટીઓને કોરોન્ટાઈન કરી દેવામાં આવી હતી. જોકે મંગળવારથી લોકડાઉન-૪માં અપાયેલી છુટછાટોને લઈને હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે લોકો ઘરોમાંથી બહાર નીકળી ગયા હતા.

સાબરકાંઠા જિલ્લામાં કલેક્ટરે પ્રાંતિજ, ઈડર અને તલોદ તાલુકાના જે ગામોમાં કોરોનાના પોઝેટીવ કેસ નોંધાયા હતા તેથી તેની આસપાસમાં આવેલ પાંચ કિલોમીટરના વિસ્તારને બફરઝોન ગણીને સરકારની ગાઈડલાઈનનું ચૂસ્તપણે પાલન કરવા માટે પોલીસના સ્ટાફને મુકી દેવામાં આવ્ય છે. જોકે હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે લોકડાઉન-૪માં અપાયેલી છુટછાટને પગલે વેપાર ધંધા બપોરે ચાર વાગ્યા સુધી ચાલુ રાખવાની જોગવાઈ હોવા છતા વેપારીઓ અને પ્રજાએ પણ ત્રણ વાગ્યા પછી બજારોમાં દેખાવનું બંધ કરી દીધુ હતુ.

# સાબરકાંઠાના ક્યાં વિસ્તારોને ક્યાં ઝોનમાં મુકાયા

## જિલ્લા કલેક્ટરે પ્રસિધ્ધ કરેલા જાહેરનામાનો અમલ કરવા પોલીસતંત્ર કટીબધ્ધ

હિંમતનગર કોરોના વાયરસને પગલે સાબરકાંઠા જિલ્લામાં તંત્ર દ્વારા લદાયેલા લોકડાઉનને લીધે જનજીવન ઠપ્પ થઈ ગયુ છે ત્યારે કેન્દ્ર અને રાજ્ય સરકારે તેમાં છુટછાટો આપવાનો નિર્ણય કરીને મંગળવારે લોકડાઉન -૪ અંગે ગાઈડલાઈન માટે જિલ્લા કલેક્ટર મારફતે જાહેરનામુ પ્રસિધ્ધ કરાયુ છે ત્યારે તેમાં કનટેઈમેન્ટ અને નોન કન્ટેઈમેન્ટ ઝોન અને બફઝોન બનાવીને તેમાં આવતા વિસ્તારોની માહિતી આપવામાં આવી છે ત્યારે સાબરકાંઠાના કલેક્ટરે સત્તાવાર જાહેરનામુ પ્રસિધ્ધ કરીને તમામ ઝોનમાં આવતા વિસ્તારોનો ઉલ્લેખ કરી નિયમોને આધિન પ્રજાને તેનો કડક અમલ કરવા માટે અનુરોધ કર્યો છે . ઉપરાંત પોલીસતંત્રને પણ આ જાહેરનામા મુજબ જિલ્લાનો કોઈ નાગરીક તેનો ભંગ ન કરે તે જોવા માટે તાકીદ કરાઈ છે . જાહેરનામામાં જણાવાયા મુજબ જે વિસ્તારોમાં અગાઉ કોરોનાના કેસ નોંધાયા હતા તે ગામ અથવા સોસાયટીઓને કોરોન્ટાઈન કરીને તે વિસ્તારમાં રહેતા લોકોને અવરજવર માટે પ્રતિબંધ ફરમાવીને નાકાઓ પર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે . આ ઉપરાંત મંગળવારે જે વિસ્તારોને બફરઝોન જાહેર કરાયા છે વિસ્તારની પાંચ કિલોમીટરની ત્રીજ્યામાં પણ રહેતા લોકોને નિયમનો અમલ કરવા તાકીદ કરાઈ છે . જોકે આગામી દિવસોમાં કોરોનાના કેસ ઘટે અને જનજીવન રાબેતામુજબ બને તે માટે કેટલીક છુટછાટ આપવામાં આવશે તે અંગે તંત્ર દ્વારા હાલ કોઈ ફોડ પાડવામાં આવ્યો નથી . તેમ છતા કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા જે ગાઈડ લાઈન આવશે તે મુજબ સાબરકાંઠા જિલ્લામાં અમલ કરાશે એમ કલેક્ટર કચેરીના આધારભૂત સૂત્રોમાંથી જણાવાયુ છે . બોક્સ કોરોન્ટાઈન ઝોનમાં ક્યાં વિસ્તારો જિલ્લા કલેક્ટરે પ્રસિધ્ધ કરેલા જાહેરનામામાં જણાવાયા મુજબ કન્ટેઈમેન્ટ ઝોનમાં પ્રાંતિજ તાલુકાના સાંપડ , પોંગલ , પલ્લાચર , વદરાડ , સીતવાડા , બોરીચા , નવાપુર , બાલીસણા અને વડવાસા . ઈડરના નગરપાલિકા વિસ્તારના પહાડના છાપરા , નાયકનગર , વિજયનગર સોસાયટી , રામટેકરી , દલજીતનગર , સત્યમ ચોકડી સુધીનો વિસ્તાર , ટાઉનહોલ વિસ્તાર , ભાટીયા મીલ -૧ અને ૨ તથા મોટા કોટડા . હિંમતનગર તાલુકાના આગીયોલ , નગરપાલિકાની ચિત્રકુટ , શ્યામસુંદર , ભૂમિપૂજા સોસાયટી , સાબરકુંજ , નિજાનંદ અને પૃથ્વિનગર સોસાયટી , ગઢા ( વક્તાપુર ) , ચાંપલાનાર તથા લીખી . તલોદના મોટુકા . ખેડબહાના ચાંપલપુર , પોશીનાના લાંબડીયાનો સમાવેશ થાય છે . જોકે કોરોન્ટાઈન ઝોનમાં જાહેરનામાનો અમલ તા . ૩૦ મે થી અલગ અલગ દિવસ સુધીનો નક્કી કરાયો છે . તે સિવાયના નગરપાલિકા વિસ્તાર તથા તાલુકાઓ નોન કોરોન્ટાઈન ઝોનમાં આવશે .

### હિંમતનગર પાલિકા વિસ્તારમાં ઓડ-ઈવન મુજબ દુકાનો ખુલશે

હિંમતનગર પાલિકાના ચીફઓફીસર અલ્પેશ પટેલના જણાવાયા મુજબ લોકડાઉન -૪ માં જે છુટછાટો અપાઈ છે જે મુજબ નગરપાલિકા વિસ્તારમાં મંજુરી વાળી , શોપીંગ મોલની દુકાનો કે જેમનો પ્રોપર્ટીનો છેલ્લો નંબર એકી હશે તે દુકાનો એકી તારીખે ખુલશે જ્યારે બેંકી નંબરની દુકાનો બેકી તારીખે ખુલશે જેનો સમય સવારે ૮-૦૦ થી સાંજના ૪-૦૦ વાગ્યા સુધીનો રહેશે.

### સાબરકાંઠામાં આજથી એસ.ટી. સેવા શરૂ થવાની શક્યતા

આઠ ડેપોના ૮૫ રૂટો પર બસો દોડાવવાનું આયોજન ઈ - ટીકીટ ફરજીયાત રહેશેઃ તાલુકાથી તાલુકા મથક સુધી બસ દોડશે

હિંમતનગર , તા .૧૯ ગુજરાત રાજ્ય એસ.ટી. નિગમને સરકાર દ્વારા મંગળવારે લોકડાઉન -૪ માં જે છુટછાટો આપવાનું નક્કી કરાયું છે તેના ભાગરૂપે હિંમતનગર ડીવીઝનના તાબામાં આવતા આઠ ડેપો દ્વારા અંદાજે ૮૫ રૂટો પર તાલુકાથી તાલુકા મથક સુધીની બસ સેવા શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે.